# સરડોઈ બેન્ક ઓફ બરોડા શાખાના મેનેજર, કેશિયર સહિત ત્રણ કર્મીઓ કોરોના પોઝિટિવ

## બેન્કને વાગ્યાં ખંભાતી તાળાં, ગામમાં સંક્રમણની સ્થિતિ બેકાબુ

મોડાસા તાલુકાની સરડોઈ બેન્ક ઓફ બરોડા શાખાના મેનેજર, કેશિયર અને સેવક સહિત ૩ કર્મચારીઓ કોરોનાની નવી લહેરમાં સપડાતાં ફફડાટ વ્યાપી ગયો છે. ત્રણેય બેન્ક કર્મચારીઓના રિપોર્ટ પોઝિટિવ આવ્યા પછી બેન્કને ખંભાતી તાળાં વાગ્યાં છે. ગામમાં પંડ્યા ફળી સહિતના વિસ્તારોમાં કોરોનાના પોઝિટિવ નોંધાયા પછી બેન્ક કર્મચારીઓ સંક્રમણમાં સપડાતાં સ્થિતિ બેકાબુ બનતી જણાય છે. હજુ પણ સોશ્યલ ડિસ્ટન્સ તેમજ ફરજીયાત માસ્કનું કડકાઈથી પાલન કરવામાં નહીં આવે તો અન્ય લોકો પણ કોરોના પોઝિટિવ થઈ શકે છે. બેન્કમાં પૈસાની લેવડ દેવડ માટે અસંખ્ય ગ્રાહકોએ મુલાકાત લીધી હોવાના કારણે બેન્ક ગ્રાહકોમાં પણ હવે ફફડાટ વ્યાપ્યો છે.

પ્રજા અને વહીવટી તંત્રની લાપરવાહીના કારણે કોરોના બેકાબુ બન્યો છે. રહી રહીને તેનાં ગંભીર પરિણામો સામે આવી રહ્યાં છે. રોજ કોરોના સંક્રમિતોની સંખ્યામાં વધારો થવાની સાથે મૃત્યુ આંક ઉંચકાઈ રહ્યો છે. કોરોનાની બીજી લહેર ઘાતક સાબિત થઈ છે જેમાં સામાન્ય લાપરવાહી પણ જોખમી સાબિત થઈ શકે છે. શહેરી વિસ્તારોની સાથે ગામડાઓમાં કોરોનાનો મજબૂત પગપેસારો થયો છે. જેના કારણે મેલેરીયા, ટાઈફોઈડ સહિતના રોગથી મુક્ત રહેતાં ગામો કોરોનાના જડબામાં સપડાયાં છે. મોડાસા તાલુકાના વિકસિત ગામ સરડોઈમાં કોરોનાનું સંક્રમણ રોકવા માટેના તમામ પ્રયાસો છતાં સંક્રમણ દિવસે દિવસે વણસતી જાય છે. ગામના ચોક્કસ વિસ્તારોમાં અગાઉ કોરોનાના પોઝિટિવ કેસ નોંધાતાં આરોગ્ય તંત્ર દ્વારા ઘેર..ઘેર સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગ દ્વારા રસીકરણનો લક્ષ્યાંક વધારવા માટે પ્રયાસ કરવામાં આવ્યા છે તેની સામે કોરોના સંક્રમણ બમણા વેગથી ફેલાયું છે. ગામની બેન્ક ઓફ બરોડા શાખામાં શાખા મેનેજર દ્વારા કોરોના ગાઈડલાઈનનું સંપૂર્ણ પાલન કરવામાં આવતું હોવા છતાં શાખાના મુખીયા મેનેજર, કેશિયર તેમજ સેવક કોરોનાથી સંક્રમિત થતાં ત્રણેય બેન્ક કર્મચારીઓ સરકારની ગાઈડલાઈન મુજબ હોમ ક્વોરન્ટાઈન થયા છે. જ્યારે સાગમટે ૩ કર્મચારીઓના રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યા હોવાથી બેન્કને બંધ કરવામાં આવી છે. જ્યારે લગ્નની સીઝનમાં પૈસાની લેવડ દેવડ માટે અસંખ્ય લોકોએ બેન્કની શાખામાં મુલાકાત લીધી હોવાના કારણે બેન્ક ગ્રાહકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.



# ઈડર, તલોદમાં વેપારીઓનું સ્વયંભૂ લૉકડાઉન, કોરોનાનો ભય દેખાયો

ઈડર / તલોદ, તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના વેપારી મથક ઈડર અને સૂમસામ ભાસતા હતા એક રીતે કોરોનાનો ભય હવે દેખાઈ રહ્યો છે. લૉકડાઉનનો અનુભવ કરી રહ્યા છે. ઈડરના વેપારીઓએ સાંજના ૫-



તલોદમાં પણ વકરતા કોરોનાના કારણે વેપારીઓને સ્વયંભૂ અને આંશિક લૉકડાઉન અમલી બનાવ્યું છે ત્યારે બંન્ને શહેરી વિસ્તારના વેપારીઓએ સ્વયંભૂ લૉકડાઉનનો અમલ શરૂ કરતાં બપોર બાદ બજાર

કોરોનાનું સંક્રમણ વધ્યા પછી ગામડાઓમાં સ્વૈચ્છીક લૉકડાઉનની જાગ્રતતા દેખાઈ. હવે શહેરી વિસ્તારોમાં પણ વેપારીઓ માટાભાગે શનિ-રવિ સંપૂર્ણ અને ત્યાર પછીના દિવસોમાં આંશિક

૦૦ પછી લૉકડાઉન જાહેર કર્યું છે તે મુજબ ધંધા-રોજગાર બંધ રહ્યા હતા. જ્યારે તલોદના વેપારીઓએ પણ વહીવટી તંત્ર સાથે થયેલી ચર્ચા મુજબ આંશિક લૉકડાઉનને અમલી બનાવ્યું છે.

# ઉત્તર ગુજરાતમાં કોરોનાના કારણે બાંધકામ ઉદ્યોગ ઠપ્પ

### પરપ્રાંતિય મજૂરો વતનમાં રવાના, સંક્રમણ વધતાં રાજસ્થાનના શ્રમજીવીઓ ત્યાં જ રોકાઈ ગયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

ઉત્તર ગુજરાતમાં કોરોનાના વધતા જતા સંક્રમણમાં બાંધકામ ઉદ્યોગ ઠપ્પ થયો છે. ૫ જિલ્લામાં ધમધમતી ૫૦૦૦ વધુ બાંધકામ સાઈટો ઉપર મજૂરોના અભાવે કાગડા ઉડતા હોય તેવી સ્થિતિ છે. કોરોના સંક્રમણના ડરથી બાંધકામ સાઈટના મજૂરો વતનમાં રવાના થઈ ગયા છે. જ્યારે રાજસ્થાનના શ્રમજીવીઓ હોળી મનાવવા માટે ગયા પછી વતનમાં જ રોકાઈ જતાં બાંધકામ ઉદ્યોગની કામગીરી ઉપર બ્રેક વાગી છે.

ગત વર્ષે માર્ચ-એપ્રિલના સમયગાળામાં કોરોનાની સ્થિતિ બેકાબુ બની હતી જેથી આપવામાં આવેલા લૉકડાઉનના કારણે બાંધકામ ઉદ્યોગ સાથે સંકળાયેલા પરપ્રાંતિય મજૂરોને ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. અનલૉક સુધી તેમને પરાણે આશ્રમ સ્થાનોમાં રહેવાની ફરજ પડી હતી. નવેમ્બર અને ડિસેમ્બર માસમાં સ્થિતિ સામાન્ય જણાતાં મજૂરો પુનઃ રોજગારી માટે ઉત્તર ગુજરાતમાં આવી કામે લાગ્યા હતા જેમાં સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાની બાંધકામ સાઈટો ફરીથી ધમધમતી થઈ હતી પરંતુ ૫ મહિના સુધી બાંધકામના કામો ધમધોકાર ચાલ્યા પછી હમણાંથી કોરોનાનું સંક્રમણ ફરીથી વકર્યું છે જેના કારણે પરપ્રાંતિય મજૂરો સંક્રમણ અને લૉકડાઉનની ભીતીથી ફફડી ઉઠતાં વતનમાં રવાના થઈ ગયા છે. ૫ જિલ્લામાં અંદાજીત ૨૦ હજારથી વધુ પરપ્રાંતિય મજૂરો બાંધકામ સાઈટો ઉપર કામ કરી રહ્યા હતા જેમાં મોટાભાગના મજૂરો પંચમહાલ તેમજ રાજસ્થાન વિસ્તારના હતા પરંતુ કોરોનાની બીજી લહેર શરૂ થઈ ત્યારથી બાંધકામ ઉદ્યોગની માઠી દશા બેઠી છે. મજૂરો વતનમાં પલાયન કરી જતાં મોટાભાગની બાંધકામ સાઈટો બંધ છે. જ્યારે રાજસ્થાનના મજૂરો હોળી મનાવવા માટે વતનમાં ગયા પછી કોરોનાનું સંક્રમણ બંન્ને રાજ્યોમાં વધતાં ત્યાં જ રોકાઈ ગયા છે. જ્યારે કેટલાકે તો કોરોનાનો ડર અને લૉકડાઉનના ભયથી બાંધકામ ક્ષેત્ર છોડી વતનમાં ચાલ્યા ગયા છે.

# લાપરવાહ પ્રજા ચેતી જાય : બાયડમાં કોરોનાએ વધુ એક ડૉક્ટરનો ભોગ લીધો, શોક છવાયો

### ડૉક્ટરોના માથે હવે મોત ભમી રહ્યું છે, જીવના જોખમે સંક્રમિત દર્દીઓની સેવા કરતા ડૉક્ટરોને સલામ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

બાયડ તાલુકામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બનતાં મોતનું તાંડવ રચાયું છે. બાયડમાં કોરોનાએ વધુ એક ડૉક્ટરનો ભોગ લીધો છે. કોરોનાથી સંક્રમિત થયેલા ચોઈલા ગામના ડૉ.મહેન્દ્રભાઈ પોપટલાલ ભાવસારનું વાત્રકની કોવિડ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત નિપજતાં જનરલ પ્રેક્ટીશનર એસોસીએશન સહિત ડૉક્ટર આલમમાં શોક છવાયો છે. બાયડ તાલુકાની પ્રજા કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છતાં હજુ પણ લાપરવાહ છે. કોરોના ડૉક્ટરોને ભરખી જતો હોય તો તેની ગંભીરતા પ્રજાએ સમજવી પડશે અને કોવિડ-૧૯ ગાઈડલાઈનનું કડકપણે પાલન કરશે તો જ જીંદગી બચાવી શકશે તેવી તાસિર ઉભરી છે.

અરવલ્લીમાં કોરોનાના મોતનો ખરાખરીનો ખેલ શરૂ થયો છે. આરોગ્ય તંત્રની ઢાંકપીછોડ છતાં કોરોનાથી મૃત્યુના આંકડા ભયજનક હોવાની વિગતો સામે આવી રહી છે. પાછલા ૨ દિવસમાં જ અરવલ્લી જિલ્લામાં ૧૩ જણને કોરોના ભરખી જતાં સરેરાશ ૪ કલાકે કોરોનાથી જિલ્લામાં ૧ વ્યક્તિનું મોત નિપજી રહ્યું છે. બાયડ તાલુકા માટે કોરોના જીવલેણ સાબિત થઈ રહ્યો છે અને તેમાંય અત્યાર સુધીમાં કોરોનાએ ગાબટના ડૉ. ભાઈલાલભાઈ પટેલ પછી વધુ એક ડૉક્ટરને કોરોના ભરખી જતાં બાયડ-ચોઈલા સહિતના વિસ્તારોમાં માતમ છવાઈ ગયો હતો. જાણવા મળ્યા મુજબ ડૉ.મહેન્દ્રભાઈ ભાવસારના ત્યાં સ્થાનિક વ્યક્તિને તાવ-શરદી આવતાં સારવાર લેવા આવ્યા હતા પરંતુ દર્દી કોરોનાથી સંક્રમિત હોવાનું જણાતાં તેની સાથે ચોઈલા આરોગ્ય કેન્દ્રમાં રેપિડ ટેસ્ટ કરાવવા માટે પહોંચ્યા હતા જ્યાં દર્દીનો રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવતાં સારવાર માટે મોકલવામાં આવ્યા હતા. બીજા દિવસે તેઓએ પોતાને તો કોરોનાનો ચેપ લાગ્યો નથી ને તેની તપાસ કરાવતાં તેઓ પણ સંક્રમિત હોવાનું જણાતાં બાયડની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા. ત્યારબાદ સામાન્ય આરામ થયો પરંતુ શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટતાં તેમને સારવાર માટે વાત્રકની કોવિડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા જ્યાં તેમનું ગત રોજ મોત નિપજ્યું હતું. કાળમુખો કોરોના અત્યાર સુધીમાં ૨ ડૉક્ટર સહિત અન્ય ડૉક્ટરના પત્નિને પણ ભરખી ગયો છે.



**ચિંતા : બાયડમાં ૬૦૦ થી વધુ લોકો સંક્રમિત હોવાની આશંકા**

બાયડ : બાયડના વેપારીઓએ આંશિક લૉકડાઉનનો માર્ગ અપનાવ્યો છે છતાં પણ બાયડમાંથી ચિંતાજનક વિગતો સામે આવી છે. માત્ર બાયડમાં જ ૬૦૦ થી વધુ લોકો સંક્રમિત થયા હોવાની આશંકા છે. સંક્રમિત થયેલા અનેક લોકો લાપરવાહ બની બજારમાં ખરીદી માટે પણ જતા હોય છે આ સંજોગોમાં સંક્રમિત લોકોએ પણ વર્તમાન પરિસ્થિતિને ગંભીરતાથી લઈ ૧૦ થી ૧૪ દિવસ ક્વોરન્ટાઈન રહેવું જોઈએ જેથી અન્ય લોકોને સંક્રમિત થતા બચાવી શકાય.

**પ્રાંતિજ-તલોદમા કોવિડ-૧૯ની હોસ્પિટલ શરૂ કરવા**

# કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા રજુઆત

### મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી તથા આરોગ્ય મંત્રી નીતીનભાઇ પટેલને પત્ર લખી રજુઆત કરી : પ્રાંતિજ-તલોદમા કોવિડ-૧૯ના દર્દીઓને અમદાવાદ, ગાંધીનગર, હિંમતનગર લાબા થવુ પડે છે

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા પ્રાંતિજ-તલોદમા કોવિડ-૧૯ ની હોસ્પિટલ ચાલુ કરવામા આવે તેવી માંગ સાથે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી તથા આરોગ્ય મંત્રી નીતીનભાઇ પટેલ ને પત્ર લખી ને લેખીત મા રજુઆત કરી.



ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લામા કોરોના ના કેસો મા દિવસે ને દિવસે વધારો થઈ રહ્યો છે ત્યારે સાબરકાંઠા જિલ્લામા પ્રાંતિજ-તલોદ ના કોવિડ-૧૯ ની હોસ્પિટલ ના હોવાથી પ્રાંતિજ-તલોદ ના કોવિડ૧૯ ના દર્દીઓને અમદાવાદ , ગાંધીનગર , હિંમતનગર ખાતે જવુ પડે છે અને ત્યા પણ બેડ ના મળી રહેતા તેવો ને મુશ્કેલીઓનો સામનો પડે છે ત્યારે પ્રાંતિજ-તલોદ ના દર્દીઓને પડી રહેલ તકલીફો ને લઈ ને પ્રાંતિજ-તલોદ ના કોંગ્રેસ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા કોવિડ-૧૯ ની હોસ્પિટલ કે સુવિધાઓ પ્રાંતિજ-તલોદ ખાતે કાર્યરત કરવામા આવે તે માટે મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી તથા આરોગ્ય મંત્રી નીતીનભાઈ પટેલ ને પત્ર લખી ને લેખીત મા જાણ કરી હતી અને તાત્કાલિક ધોરણે કોવીડ ૧૯ ની હોસ્પિટલ ઉભી કરવામા આવે તેવી રજુઆત કરવામા આવી છે તો પ્રાંતિજ તાલુકા પંચાયત ના કોંગ્રેસ ના સદસ્ય રાજ પટેલ તથા સામાજિક કાર્યકર હાર્દિક પટેલ દ્વારા પણ પ્રાંતિજ ખાતે કોવિડ-૧૯ ની હોસ્પિટલ ઉભી કરવા મુખ્ય મંત્રી ને પત્ર લખીને જાણ કરી છે.

**કોરોનાથી નિગમને મરણતોલ ફટકો**

# સાબરકાંઠા એસ.ટી. ડીવીઝનની દૈનિક આવક ૨૯ લાખ ઘટી

ગરમી અને કોરોનાના વધતા પ્રકોપ વચ્ચે એસ.ટી. બસને મુસાફરો ન મળતાં સાબરકાંઠા એસ.ટી. ડીવીઝન હસ્તકના ૭ ડેપોમાં તંત્રને ૪૦ કાપ મૂકાયો છે. કોરોનાથી એસ.ટી. નિગમને આવકમાં મરણતોલ ફટકો પડ્યો છે.

કોરોનાની નવી લહેરમાં લૉકડાઉનની અફવાઓએ જોર સ્પોટ બનવાની દહેશત પણ વ્યક્ત થઈ હતી પરંતુ હવે આપો આપ એસ.ટી. બસમાં મુસાફરી કરવાનું લોકો ટાળી રહ્યા હોય કે પછી ઘરેથી કામ અર્થે નિકળવામાં



ટકા રૂટ રદ કરવાની ફરજ પડી છે. એસ.ટી.ની દૈનિક રૂા.૫૦ લાખની આવક સામે માંડ રૂા.૨૦ થી ૨૧ લાખની આવક થતી હોવાના કારણે ન છૂટકે એસ.ટી. વિભાગ દ્વારા ૫૧૫ રૂટમાંથી ૩૭૨ બસ ચાલુ રાખવામાં આવી છે. એસ.ટી. વિભાગ દ્વારા અગાઉ કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ અનલૉક પછી તમામે તમામ રૂટ શરૂ કર્યા હતા પરંતુ કોરોનાની બીજી લહેરમાં નિયમો ભૂલાઈ જવાની સાથે મુસાફરોને એસ.ટી.ની સવારી અસલામત લાગી હોય તેમ મુસાફરો ઘટતાં રૂટ ઉપર પકડ્યું છે. સરકારે હમણાં લૉકડાઉનનો કોઈ ઈરાદો ન હોવાની સ્પષ્ટતા કરી હોવા છતાં ગ્રામ્ય વિસ્તારોમાં લૉકડાઉનને લઈ અનેક ચર્ચાઓએ જોર પકડ્યું છે. ગામડાંની પ્રજા ગરમીનો કહેર અને કોરોનાના સંક્રમણના ડરથી ઘરેથી નિકળવાનું ટાળી રહી છે. જેની સીધી અસર પરીવહન ઉપર સ્પષ્ટ દેખાય છે. એસ.ટી. બસમાં હમણાં સુધી મુસાફરોની ભીડ સાથેના દ્રશ્યો સ્વાભાવિક હતા જેમાં કોવિડ-૧૯ના નિયમો ભૂલાયા હતા જેથી સલામત સવારી એસ.ટી. સંક્રમણનું હોટ ખાનગી વાહનોનો સહારો લેતા હોય તેમ એસ.ટી.ના દૈનિક મુસાફરોમાં અડધો અડધ ઘટાડો થયો છે. મોટાભાગના બસ મથકોમાં મુસાફરોની સંખ્યામાં ઘટાડો થયો છે જેના કારણે એસ.ટી. વિભાગને દૈનિક રૂટના ૪૦ ટકા રૂટ રદ કરવાની ફરજ પડી છે. એસ.ટી. સૂત્રોના જણાવ્યા મુજબ કોરોનાના સંક્રમણના કારણે એસ.ટી. બસમાં મુસાફરી કરતા લોકોની સંખ્યા એકાએક ઘટી છે. જેના કારણે દૈનિક આવકમાં પણ એસ.ટી.ને ફટકો પડ્યો હોવાના કારણે રૂટ રદ કરાયા છે.

**પ્રાંતિજ પણ સ્વૈચ્છિક લોકડાઉનની લાઈનમા**

# પ્રાંતિજ ખાતે પ્રાંતિજના વેપારીઓ દ્વારા સ્વયંભૂ બંધ પાડવાનો નિર્ણય

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વેપારીઓ દ્વારા કોરોનાનુ વધતુ જતું સંક્રમણને રોકવા માટે બે દિવસ માટે સ્વયંભૂ બજારો બંધ રાખવાનો નિર્ણય કર્યો તો રવિવાર અને સોમવારના દિવસે મેડીકલની દુકાનો સિવાય પ્રાંતિજ બજાર સ્વયંભૂ બંધ રહેશે. તો તારીખ




૧૭।૪।૨૦૨૧ થી ૩૦।૪।૨૦૨૧ સુધી સવારે ૮ થી બપોરના ૩ વાગ્યા સુધીજ બજાર ખુલ્લુ રહેશે.

પ્રાંતિજ સહિત તાલુકામા કોરોનાના કેસોનો રાફડો ફાટતા અને મૃત્યુ આંક વધતા પ્રાંતિજના વેપારીઓ દ્વારા સ્વૈચ્છિક લોકડાઉન નિર્ણય કર્યો તો પ્રાંતિજ પણ સ્વૈચ્છિક લોકડાઉનની લાઈનમા આજે પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરા ની અધ્યક્ષ સ્થાને એક મીટિંગ યોજાઇ હતી. જેમા પ્રાંતિજના વિવિધ એસોસિયેશનના વેપારીઓ દ્વારા તારીખ ૧૮।૪।૨૦૨૧ થી ૧૯।૪।૨૦૨૧ બે દિવસ રવિવાર અને સોમવારના દિવસે સંપુર્ણ સ્વૈચ્છિક બંધ પાડવાનો નિર્ણય લીધો હતો અને તારીખ ૧૭।૪।૨૦૨૧ થી તારીખ ૩૦।૪।૨૦૨૧ સુધી સવાર આઠથી બપોરના ત્રણ વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રાખવાનો નિર્ણય પણ કરવામા આવ્યો છે.

જયારે રવિવાર અને સોમવાર બંધ ના દિવસે તથા ચાલુ દિવસોમા ૧૭થી૩૦ તારીખ સુધીમા પણ મેડીકલની દુકાનો ખુલ્લી રહશે અને જો વેપારીઓ બંધની અમલવારી નહી કરે તો તેની સામે પ્રાંતિજ નગર પાલિકા અને પ્રાંતિજ પોલીસ દ્વારા સકારાત્મક પગલાંઓ પણ લેવામા આવશે તો પ્રાંતિજ નગર પાલિકાના ચીફ ઓફિસર ઉર્મિલાબેન ને પણ જણાયુ હતુ કે અમે આજે જ નગરપાલિકા સહિતના વિસ્તારોમા આ અંગેની રીક્ષા ફેરવીને નગરજનો તથા બજાર વિસ્તારના વેપારીઓને જાણ કરી દેવામા આવશે તો મીટીંગમા પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરા, તાલુકા હેલ્થ ઓફિસર એ.એમ.સોલંકી, પ્રાંતિજ પીઆઈ પી.એલ.વાઘેલા, નગરપાલિકાના ચીફ ઓફિસર ઉર્મિલાબેન, નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા સહિત પ્રાંતિજના વિવિધ એસોસિયેશન મંડળના પ્રમુખો પ્રતિનિધિઓ સહિત ગામના આગેવાનો નગરપાલિકાના કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

# બાયડ-ભિલોડાના બજારો આજથી બે દિવસ સ્વયંભૂ લૉકડાઉન, કોરોનાની સ્થિતિ વિકટ બની

### સોમવારથી ફરી આંશિક લોકડાઉનનો અમલ કરશે

બાયડ / ભિલોડા, તા.૧૬

અરવલ્લીમાં કોરોનાએ કોહરામ મચાવતાં પ્રજામાં ભય વ્યાપેલો છે. પ્રજાના જીવ બચાવવા માટે વેપારીઓ સ્વયં આગળ આવીને સ્વૈચ્છીક લૉકડાઉનમાં જોડાયા છે ત્યારે બાયડ અને ભિલોડા બજાર આજે અને આવતી કાલે બે દિવસ સ્વયંભૂ લૉકડાઉનનો અમલ કરશે. સોમવારથી ફરી આંશિક લૉકડાઉન લાગુ થશે. બજારોમાં સ્વયંભૂ લૉકડાઉનના કારણે કોરોના સંક્રમણ ઉપર અંશતઃ કાબુ આવવાની સંભાવના છે.




અરવલ્લી જિલ્લામાં ભિલોડા થી બાયડ સુધીના તમામ વિસ્તારોમાં કોરોનાએ આરોગ્ય તંત્રની ઉંઘ હરામ કરી દીધી છે. રેપિડ ટેસ્ટની કીટ ખૂટી પડે તેટલી હદે કોરોના ટેસ્ટ કરવા માટે પ્રજામાં જાગ્રતતા આવી છે તે બાબતને વધાવી લેવી જોઈએ પરંતુ હવે પ્રજાએ સાવધાની રાખવાની જરૂર છે. જિલ્લાના વેપારીઓ કોરોનાના કપરાકાળમાં પોતાના ધંધા-રોજગારની પરવા કર્યા વગર સ્વયંભૂ લૉકડાઉન અને આંશિક લૉકડાઉનનો અમલ કરી પોતાની રોજગારી ગુમાવવા તૈયાર છે જેથી નિર્દોષ લોકો સંક્રમિત ન થાય અને તેમના જીવ બચાવી શકાય. પરંતુ કોરોનાનું સંક્રમણ બેકાબુ બને તેવું હોવા છતાં આજે પણ અનેક લોકો સોશ્યલ ડિસ્ટન્સ ભૂલવાની સાથે માસ્ક પહેરવાનું પણ ભૂલી રહ્યા છે. સતત કોરોનાનું સંક્રમણ આગળ વધી રહ્યું છે તે જોતાં હજુ એક પખવાડીયું પ્રજાએ સંયમ રાખવો પડશે. ગત શનિ-રવિવારે બાયડ-ભિલોડાના બજારોના વેપારીઓએ સ્વયંભૂ લૉકડાઉનને સફળ બનાવ્યા પછી ફરી આજથી ૨ દિવસનું સ્વયંભૂ લૉકડાઉન સફળ બનાવવા માટે મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો છે. બાયડ પાલિકા તેમજ ભિલોડા ગ્રામ પંચાયતે પણ વેપારીઓને સ્વયંભૂ લૉકડાઉનમાં જોડાઈ કોરોના સામેની લડાઈમાં વેપારીઓનો અમૂલ્ય સહયોગ મળે તેવી અપીલ કરી છે.

**ચેન સ્નેચરનો તરખાટ ઇડરની એવરગ્રીન સ્કૂલ પાસેથી**

# મહિલાના ગળામાંથી સોનાના દોરાની તફડંચી કરી ચેન સ્નેચર રફુચક્કર

વિજયનગર તાલુકાના ખેરાલ ગામમાં રહેતા કચરાભાઈ ધુળાભાઈ પટેલ તથા તેમના પત્ની ગતરોજ ૧૪ એપ્રિલ ૨૦૨૧ ના રોજ સમી સાંજે આશરે સાતેક વાગ્યાના સુમારે ઈડર મુકામે આવેલી એવર ગ્રીન સ્કૂલ પાસેથી મોટરસાઈકલ ઉપર પસાર થઈ રહ્યા હતા દરમિયાન પાછળથી બાઈક ઉપર આવેલ ચેન સ્નેચરે બાઈકની પાછળ બેઠેલ કચરાભાઈ પટેલની પત્ની ના ગળામાં હાથ નાખી ગળામાં પહેરેલી સોનાની ચેન આશરે ૧૪ ગ્રામ કિં.રૂ. ૭૫ હજારની તફડંચી કરી ચેન સ્નેચર રફુચક્કર થઈ જતાં ચકચાર મચી જવા પામી હતી.

**જન્મદિને વધામણી**



નિરાગ(નૈતિક)કુમાર ચૌધરી
શિહોરા, તા. કપડવંજ